સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કરે ઉંદરો કૂદાકૂદ કોણ બાંધશે બિલ્લી?
સિલ્લી નિવેદનો વચ્ચે ય કોણ ખોડશે ખિલ્લી?
લાગી છે ટિલ્લી 'આપ'ને, ને કોંગી પણ છે ઢીલ્લી -
વેરવિખેર, ટૂટી ફૂટી, કોણ સાંધશે દિલ્લી?
(દિલ્હી માં સરકાર)

હાઈકુ

ચિંતા માં પણ,
આવકારોત્સવ નો -
થનગનાટ..
(પેટા ચૂંટણી)

'જીએસપીસી'
ગ્રાહકોને ચઢ્યો ગોટો -
ગેસ બિલ નો..
('મુકામ' ગાંધીનગર)

ચિંતન

શાંતેર્માતુ વિવેકાત્પિતુરપિ કૃપણં મંઅંમ્રુ કૃસ્વા પૃથગ્માં માશા યોષા સ્વતંત્રા વ્રજતિ પરગૃહોત્સર્વદા વીતલજ્જા ।
સન્ધત્તે મત્કૃશત્વં મમ યમનિયમૌ ભ્રાતરૌ ભર્ત્સયન્તી પૃષ્ટવા ચૈવાત્મબંધુસ્તદપિ પુનરહોહન્ત બંધ્યાં શ્રયામઃ ॥

'શાંતિ રૂપી માતા અને વિવેકરૂપી પિતા એ બંનેથી મન વિખૂટો પાડીને આ આશા રૂપી સ્ત્રી (પત્ની) પછી સ્વતંત્ર થઇ જતાં નિર્લજપણે પારકે ઘરે ભટકવા લાગે છે (અહીં આશાને સ્ત્રી-પત્ની સાથે સરખાવી છે. સામાન્યતઃ સંયુક્ત પરિવારથી અલગ થઇ પોતાની ઇચ્છા-મરજી મુજબ ભટક્યા કરતી સ્વેચ્છાચારી સ્ત્રીની જેમ જો આશા-ઇચ્છા-તૃષ્ણાની ઇચ્છા પ્રમાણે તેને તાબે થઇ જઇએ તો તૃષ્ણા પુરૂષ પર-વ્યક્તિ પર પોતાનો અંકૂશ જમાવી જાતે નિર્લજ થઇ ભટક્યા કરે છે તેમ આશા-ઇચ્છાને મર્યાદા રહેતી નથી.'

યમ અને નિયમ રૂપી મારા બે ભાઇઓનો પણ તિરસ્કાર કરી અસંયમિત-તૃષ્ણા-વાસનાનું જીવન જીવવું પડે છે. વળી તૃષ્ણાનો પરિવાર (અસત્ય, ચોરીછૂપી-દંભ-લાચારી-ચોરી)ને તૃષ્ણાના સંબંધી તરીકે પોષવા પડે છે. માણસ જ્યારે તૃષ્ણાનો ગુલામ થઈ જાય છે ત્યારે ન થવાનું ન કરવાનું બધું જ કરવું પડે છે. તૃષ્ણાથી કંઈજ પ્રાપ્ત થતું નથી તેથી તેને વાંઝણી સ્ત્રી કહી છે.

સુવિચાર

- એકાંતનું મંદિર, મૌનનો ઘુમ્મટ, આનંદની ધજા, વસંતમાં આમ્રકુંજમાંથી કોયલનો ટહુકો.. એ તો સાક્ષાત ઋતુરાજ દ્વારા માણસના કર્મમૂળ સુધી પહોંચાડવા માટે ઉચ્ચરાયેલો મંત્ર છે **- ભક્તિસૂત્ર**
- પુષ્પનું અહમ વિસર્જન એની સુગંધ બની જાય છે.. વાદળનું અહમ્ વિસર્જન વરસાદ બની જાય છે... માણસના અહમ્નું વિસર્જન આનંદ પ્રગટાવે છે **- રજનીશ**
- જીંદગી અને વૃક્ષમાં કેટલી સમાનતા છે તેનો ખ્યાલતો જેના આંગણામાં વૃક્ષ હોય તેને જ આવી શકે **- એસ. ભટ્ટાચાર્ય**
- વેદનાની વેલ પર ઉગેલા ફુલ જેવું કોઇ હૃદય મળે ત્યારે થોડાંક મુલાયમ શબ્દો વડે તેને પંપાળી લેવું એ બોધિવૃક્ષને પાણી પાવા જેવું પૂન્ય કામ છે **- મોરારિ બાપુ**
- વ્યર્થ કામ તમને ભારે તેમજ થાકેલો બનાવશે.. અને રચનાત્મક કામ તમને સુખ તેજસ્વીતા અને નવી ચેતના આપશે **- કોરિયન કહેવત**
- જેની પાસે સાચું દિલ અને પ્રામાણિકતા છે તે પોતાને પ્રકાશમય અનુભવે છે.. અને કોઇ પણ જાતના માનસિક તણાવથી મુક્ત અનુભવે છે **- ધર્મસૂત્ર**
- મુઠ્ઠી ભરીને વ્હાલ વહેંચતા રહો કે ભલે ને હોય આપણી હથેળી ખાલી... દરિયાને પૂછવાનું ટાળજો કે ભાઇ તને ભરતી ગમે કે ઓટ વ્હાલી? **- ધૂની માંડલિયા**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

'વાસના, એ વિષયની હોય કે કોઇ વસ્તુની-છૂટતી નથી એનાથી છૂટવા માટે શું કરવું?' યુવાને સંતને પુછ્યું.

સંત કહે, 'એક નાના તોફાની બાળકના હાથમાં ધારદાર ખૂલ્લું ચપ્પું છે તેનાથી તે રમે છે.' એને ચપ્પુ આપી દેવા કયા કયા રસ્તા તમે અપનાવો!

યુવાન કહે, લાફો મારી એના હાથમાંથી ઝૂંટવીને, એ પ્રથમ માર્ગ છે, બીજો માર્ગ છે તેને પ્રેમથી સમજાવીને ચપ્પુ લઇ લેવાનો, ત્રીજો ચપ્પુની સામે એને બીજું રસમય રમકડું બતાવી ચપ્પુ લઇ લેવાનો!

સંત કહે, વાસના આ ચપ્પુ જેવી છે એ ઉઘાડું રાખી સંસારીઓ એ વિષમય વાસનાથી રમે છે શાસ્ત્રોમાં તેં જે કહ્યા તે ત્રણ માર્ગ દર્શાવ્યા છે જેનાથી વાસના છૂટી શકે - વિરોધ, નિરોધ અને અનુરોધ.

વિરોધ એટલે ઇન્દ્રિયોઓનું દમન કરવું તપ કરવું નિરોધ એટલે જ્ઞાનનો માર્ગ જ્ઞાનની ઉપાસના દ્વારા સમજ કેળવવી અને અનુરોધ એટલે ભક્તિની સાધના એટલે કે વાસના છોડી પ્રભુચરણનું રસમય રમકડું પકડી લેવું.

આપણને અનુકૂળ હોય તે માર્ગે જઇ વાસના ઇચ્છાઓનો ત્યાગ થઇ શકે...

Email - sureshchandrabhatt18@gmail.com

આજે સવારથી જ દિવસ સારો ઊગ્યો નથી લાગતો, પહેલાં પ્રતીક અને હવે બોસ, પૂજાએ વિચાર્યું અને એકીશ્વાસે પાણીનો ગ્લાસ ગટગટાવી ગઈ, ધડકતા હૈયે બોસની કેબીનમાં પ્રવેશી

પ્રમોશન સપ્તાહની વાર્તા

- પદ્મા મિસ્ત્રી

આંખ ખૂલતા જ સામે લગાડેલ ઘડિયાળ પર નજર પડતાં જ પ્રતીક સફાળો બેઠો થઇ ગયો. 'અરે, નવ વાગી ગયા. પૂજા તેં મને ઉઠાડ્યો પણ નહિં?' અને પૂજાના જવાબની રાહ જોયા વિના જ 'આજે તો દસ વાગે બોસ જોડે મિટિંગ...' અને ટુવાલ લઇ બાથરૂમમાં ઘૂસી ગયો. બહાર આતાં જ સામેથી પૂજા હાથમાં ચ્હા-નાસ્તો લઇને આવતી દેખાઇ. નજીક આવતાં જ તે બોલી 'તમારે વહેલાં ઉઠવાનું હતું તો તમારે રાત્રે મને...'

'હું તો ભૂલી ગયો, પરંતુ તુ સામેથી પૂછી શકતી હતી ને! પ્રિયાની વાત કાપતાં પ્રતીક લગભગ તાડૂક્યો.'

'હું રાત્રે કામ આટોપી આવી એ પહેલાં તો તમે... પણ તે ન બોલી શકી કારણ કે હજુ ગયા અઠવાડિયે જ આનાથી વિપરીત બન્યું હતું. પ્રતીકે રાત્રે જ કહ્યું હોવાથી જયારે પૂજાએ એને વહેલો ઉઠાડ્યો હતો. તો ઉઠતાવેંત રાતીપોળી થતાં પ્રતીક બોલ્યો હતો. 'પૂજા, રજાના દિવસે હું થોડીક વાર નિરાંતે સૂઇ રહું એ પણ તારાથી સહન થતું નથી?' થોડીક વાર ઊંઘવા દીધો હોત તો શું ખાટું-મોળું થઇ જવાનું હતું?' પૂજા બિચારી કંઇ બોલી શકી નહોતી.

'મારી પેન ક્યાંય દેખાતી નથી? ... અને હજુ સુધી તે મારા પેન્ટ-શર્ટ પણ કાઢ્યા નથી. પાકીટ અને ઘડિયાળ પણ... પૂજા, બાઘાની જેમ ઊભી શું રહી છે, હું ક્યારનો બૂમો પાડું છું, તું સાંભળે છે કે નહિ? તને મારી જરાય પરવા છે કે નહીં?' પૂજા ને બરાડા પાડતો જોઇ પૂજા ચમકી.

'તમે રોજ દસ વાગ્યા પછી ઓફિસે..'

'પણ આજે તો મારે દસ વાગે બોસ જોડે... કંઇ કહેવાનો અર્થ ન લાગતાં પ્રતીક જાતે જ કપડાં લઇ ચૂપચાપ પહેરવા લાગ્યો.'

'હવે જલ્દી મારી બેગ લાવ. હું નીકળું નહીં તો અહીં જ દસ વાગી જશે. બૂટની દોરી બાંધી, પૂજાના હાથમાંથી બેગ લગભગ ઝૂંટવી લઇ ઘરની બહાર નીકળી ગયો.'

ડાઈનીંગ ટેબલ પર ઠંડા પડી ગયેલા ચ્હા-નાસ્તાને તાકી રહેતા પૂજા બબડવા લાગી. 'વહેલા જવાનું હતું તો કમસેકમ મને... વિચારવાનો કોઇ અર્થ ન હતો. કારણ કે હવે તો આ રોજનું થઇ ગયું હતું. સવારે વહેલા ઊઠી બંને બાળકોને તૈયાર કરી સ્કૂલે મોકલવા, રસોઇ તૈયાર કરી, પ્રતીકને ચ્હા-નાસ્તો કરાવી, ટીફીન લઇ તૈયાર થઇ દસ વાગે નીકળી જવાનું. પ્રતીક તરફથી તો ક્યારેક મદદ મળતી ન હતી. એ તો હંમેશા આરામથી ઉઠે, ચ્હા-નાસ્તો કરી, સોફા પર પડ્યા પડ્યા છાંપા વાંચવાનાં અને મિત્રો સાથે વાતો કરી શાંતિથી તૈયાર થઇ ઓફિસે નીકળવાનું. પૂજા ક્યારેય આવી સવાર માણી શકતી ન હતી. પણ મન મનાવી લેતી. કંઇ નહીં, ઓફિસે તો જવાય છે ને? પગાર આવે છે તો જીવન થોડુંક સારી રીતે જીવાય છે. નહીં તો આટલી મોંઘવારીમાં એકલા પ્રતીકનો પગાર... તેણે વિચાર્યું દષ વર્ષમાં તેણીએ શું નહોતું કર્યું? બંને બાળકોને ઉછેરવા, પ્રતીકનો પડ્યો બોલ ઝીલવાનો. રાત્રે ઓફિસેથી આવીને પણ ઘરના તમામ કામ પતાવી રસોઇ બનાવી બધાને જમાડી દીધા પછી છોકરાઓને ભણવા બેસડવા.'

પ્રતીકની તો સવાર અને રાત પૂજાના નામથી શરૂ થઇને પૂજાના નામ સાથે પૂરી થઇ હતી. પૂજા, આજે આમ કેમ થયું? અને આજે આમ કેમ ન થયું. પુજા આજે તો મારે મિટિંગ છે તો ઓફિસેથી નીકળાય એમ નથી તો તુ જ જરા રિસેશમાં બિલ ભરી દેજે ને? વગેરે વગેરે...

પૂજા પણ એક આજ્ઞાંકિત પત્નીની જેમ બધુ મુંગે મોઢે સહન કર્યે જતી અને કામ પણ - એક વણથંભ્યા મશીનની જેમ જ. એને ક્યારેક લાગતું પ્રતીક ભલે એને મદદ ન કરે તો પોતાના કામની કદર ન કરે, પરંતુ ક્યારેક તેની પાસે બેસી પ્રેમથી બે શબ્દો બોલે તો પણ મનને કેટલું સારું લાગે. આ તે કંઇ જીવન છે?

એકાએક ફોનની ઘંટડી વાગતાં પૂજા વિચારમાંથી જાગી. ફોન આરતીનો હતો. આજે તો ઓફિસે આવવાની ન હતી. છેલ્લા ત્રણ વર્ષથી આરતી પણ તેની સાથે જ ઓફિસમાં કામ કરતી હતી. અને પૂજાનું ઘર વચ્ચે આવતું હોવાથી તે પૂજાને પોતાના વ્હીકલ પર ઓફિસે લઇ જતી હતી. બંનેને સાથે જવાથી થોડોક સમય વાતો કરવાનો સમય મળી રહેતો હોવાથી બંને સારી સહેલી પણ બની ગયા હતા.

હવે તો રીક્ષામાં જ જવું પડશે, જલ્દી નીકળવું પડશે. 'ચ્હા-નાસ્તાની ડીશ લઇ પૂજા રસોડામાં ચાલી ગઇ.'

રીક્ષા ઓફિસના મેઇન ગેટ આગળ ઊભી રહી. રીક્ષાના ચક્કરમાં આજે એને પણ મોડું થઇ ગયું હતું. જલ્દીથી પૈસા ચૂકવી લિફ્ટની રાહ જોયા વિના પગથિયાં ચડી ગઇ. તે હાંફી ગઇ. હજુ ટેબલ પર પર્સ મુક્યું જ છે ત્યાં તો, 'મેડમ, સાહેબ તમને યાદ કરતા'તા' સામે પ્યુન પાણીનો ગ્લાસ લઇને ઊભો હતો.

'આજે સવારથી જ દિવસ સારો ઊગ્યો નથી લાગતો. પહેલાં પ્રતીક અને હવે બોસ.' પૂજાએ વિચાર્યું અને એકીશ્વાસે પાણીનો ગ્લાસ ગટગટાવી ગઇ. ધડકતા હૈયે બોસની કેબીનમાં પ્રવેશી.

'ગુડ મોર્નિંગ.... સર' ગભરામણને કારણે પૂજા સહેજ અટકતાં બોલી.

'ગુડ મોર્નિંગ, પૂજા કોંગ્રેચ્યુલેશન, તમને પ્રમોશન મળ્યું છે. રેકિંગ લિસ્ટમાં તમારું નામ સૌથી પહેલું છે.' બોસ બોલ્યા.

'કોન્ગ્રેટ્સ પૂજા, આટલી નાની ઉંમરે આ પ્રમોશન મેળવનાર તમે પહેલાં જ છો અને તમે તેને લાયક પણ છો.' કહેતા બાજુમાં બેઠેલાં એમ.ડી. સરે હાથ લંબાવ્યો. 'થેન્ક્યુ સર' કહી પૂજાએ હાથ મિલાવ્યા.

'પ્રમોશનની સાથે કંપની તમને મોબાઇલ અને ગાડી ઓફર કરે છે અને સાથે થોડીક જવાબદારી પણ.' બોસ હસતાં હસતાં બોલ્યા.

'ઓ.કે. થેન્ક્યુ સર' પૂજા બોલી.

'આ ઉપરાંત આજનું બપોરનું લંચ પર, તમારે અમારી સાથે લેવાનું રહેશે.' બોલ બોલ્યા.

જી... થેન્ક્સ સર, પણ હું મારું ટીફીન... પૂજા ખચકાઇ.

'નવા કામ વિશે થોડીક ચર્ચા પણ કરવાની છે અને આજે તો કંપનીની ફરજ છે કે તમને લંચ કરાવવું જોઇએ.' પૂજા ના ન પાડી શકી.

'યસ, સર,' કહી તે કેબીનની બહાર આવી.

પૂજા ખૂબ ખુશ હતી. તો સૌથી પહેલાં આ ખુશખબર પ્રતીકને આપવા માગતી હતી. પ્રમોશનના સમાચાર જાણી પ્રતીક કેટલો બધો ખુશ થશે. અને સવારનો ગુસ્સો ભૂલી પોતાને અભિનંદન આપશે. આવા વિચાર સાથે તેણે પ્રતીકને ફોન લગાડ્યો. પ્રતીકે ફોન ન ઉપાડ્યો. અરે, હા અત્યારે તો એ મિટિંગમાં હશે. દસ વાગે બોસ જોડે મિટિંગ મિટિંગ એવું કંઇક સવારે બબડતો હતો.' પૂજા રૂટીન કામમાં પરોવાઇ.

લંચ સમયે જમતાં - જમતાં નવા કામ અને તે અંગેની મહત્ત્વની જવાબદારી વિશે બોસે પૂજાને વિસ્તારથી સમજાવ્યું. આજે પૂજાની ખૂશીનો પાર ન હતો. તે જેમ બને તે જલ્દીથી ખુશીના સમાચાર પ્રતીક અને છોકરાઓને આપવા વ્યાકુળ હતી. પોતાના ટેબલ પાસે પહોંચતાં જ તેણે ફરીથી પ્રતીકને ફોન લગાવ્યો. ફોન બીઝી આવતો હતો. કદાચ સામેથી જ પ્રતીકનો ફોન આવશે, એમ વિચારી તે ફરીથી કામ કરવા લાગી ગઇ. આજે તેને આટલી મોટી ખુશી મળી હોવા છતાં તેનું મન આજે કામમાં ચોંટતું નહતું. સવારના પ્રતીક સાથેના બનાવથી તે અંદરથી દુઃખી હતી. ફરી તે વિચારોમાં ખોવાઇ ગઇ. તેણે વિચાર્યું કે પોતે તો માત્ર એટલું જ ઇચ્છતી હતી કે ભૌતિક સુખ-સાહ્યબી મેળવવામાં થોડાક પાછળ રહી જવાય તો વાંધો નહિ, પરંતુ પતિ-પત્ની વચ્ચે તથા બાળકો અને પતિ-પત્ની વચ્ચે પ્રેમ તો જળવાઇ રહેવો જોઇએ. અને એકબીજા સાથેના સંબંધો મીઠાશભર્યા રહેવા જોઇએ. તેથી જ ઘરમાં બધી રીતે શાંતિ જળવાઇ રહે તે માટે તે હંમેશા પ્રયત્નશીલ રહેતી હતી. એ જ કારણથી પ્રતીક ગમે તેટલો ગુસ્સો કરવા છતાંય તે હંમેશા ચૂપ રહેવાનું પસંદ કરતી. અને ઘર ઓફિસ વચ્ચે સમતુલા જાળવી રાખી બંને જગ્યાએ ખરી ઉતરતાનો પ્રયત્ન કરતી રહેતી.

ફોનની ઘંટડીએ તેને વિચારમાંથી જગાડી. પ્રતીકનો જ ફોન હશે એમ વિચારી તેણે ફોન ઉપાડ્યો. ફોન ઘરેથી છોકરાનો હતો.

'મમ્મી, આજે તો મારા કલર્સ અને ડ્રોઇંગ બુક આવતી વખતે ચોક્કસ લેતી આવજે. કાલે મારે ચોક્કસ સ્કૂલે લઇ જવા પડશે.'

'ભલે બેટા, જરૂર લેતી આવીશ.' પૂજા બોલી અને જલ્દી ઉમેર્યું, બેટા એક વાત કહું સાંભળષ આજે મનો પ્રમો...' સામેથી ફોન મુકાઇ ગયો હતો. પૂજાનું મન દુઃખી થઇ ગયું. તેણે પ્રતીકને ફોન લગાડ્યો. પણ વ્યર્થ. બરાબર છ ના ટકોરે પૂજા ઊભી થઇ. તે આજે જલ્દી ઘરે જઇ ઘરના સભ્યોને ખુશ કરવા માગતી હતી.

'તમારી પાસે કોઇ વ્હીકલ છે? બોસનો અવાજ સાંભળી પૂજાએ પાછળ જોયું.'

નો, સર, કેમ? પૂજાએ પુછ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા અને યુવાવસ્થા એ ત્રણે-ત્રણ અવસ્થાઓ કોઇ પણ વ્યક્તિના ભાવિ જીવનની પાયારૂપ અવસ્થાઓ છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા અને યુવાવસ્થા એ ત્રણે-ત્રણ અવસ્થાઓ કોઇ પણ વ્યક્તિના ભાવિ જીવનની પાયારૂપ અવસ્થાઓ છે. પહેલી બે અવસ્થામાં વ્યક્તિ કુમળા છોડ જેવું માનસ ધરાવે છે. ગુજરાતીમાં એક કહેવત જેવી ઉક્તિ છે. યુવાવસ્થા માટે તો એવું કહેવાય છે, સોળે સાન અને વીસે ભાન. એટલે કે વ્યક્તિનાં સોળ વર્ષ પુરા થવાની આસપાસ એના કેટલાંક માનસિક વલણો બંધાઇ જવા પામે છે. કેટલીક માન્યતાઓ દૃઢ થતી જતી જોવા મળે છે. આ જ ગાળામાં એ વ્યક્તિની માન્યતાઓનાં નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ માતા, પિતા અને શિક્ષકની ફરજ છે. વીસે વાન એટલે કે ત્વચાનો/ચામડીનો વર્ણ બહુધા સ્પષ્ટ થઇ જતો જોવા મળે છે.

થોડા નહિ પૂરતાં દુખ સાથે ધ્યાન ખેંચવાની જરૂર છે કે આજકાલનો આ બાહ્ય દેખાવનો જમાનો છે, એટલે સંતાનના બાહ્ય દેખાવ, કપડાં, વાળ, બુટ,મોજાં, ટાઇ પર વધુ ધ્યાન આપવામાં આવે છે. ખરેખર તો આ અવસ્થાઓમાં સંતાનના/વિદ્યાર્થીના મનની માવજત ખૂબ જ જરૂરી છે.

● જીવનની વસંતઋતુનું જતન-સંવર્ધન

યુવા મનની માવજત માટે કેટલાક 'Do's આમ જ કરવું જોઇએ, કેટલાક 'Dont's આમ ન જ કરવું જોઇએ એ વાત મનમાં દૃઢમૂળ કરવી જોઇએ.

કઇ કઇ માન્યતા આ ત્રણેય અવસ્થામાં દૃઢમૂળ થવી જોઇએ? અહીં આપણે એની થોડીક માર્મિક નોંધ લઇએ.

સતત ટીકા-ટીપ્પણી ન કરવી, વારેવારે કોઇકને કોઇકની તિરસ્કાર ન કરવો કે સતત ફરિયાદ કર્યા ન કરવી. આ ત્રણેય બાબતે યુવાને ધીમે ધીમે શીખવી જરૂરી છે. આ દુનિયામાં કોઇ પણ વ્યક્તિ સો ટકા સદ્ગુણી હોતી નથી, ક્યાંક ને ક્યાંક તો નાનો મોટો દોષ હોવાનો જ. ચંદ્રમાંય ડાઘ-કલંક તો હોય છે જ. પણ બાળપણથી જ ચંદ્રની સુંદરતા જોવાની ટેવ પાડવી. જ્યાં જ્યાં ખુબી છે ત્યાં ત્યાં નાના મોટા દુર્ગુણો પર શોધનારને તો મળી જ જવાના. મહત્ત્વની વાત સંતાનને શીખવવાની છે કે જે તે વ્યક્તિની સારી, ઉજળી બાજુ જોવી જોઇએ, નબળી કે કાળી બાજુને જોઇ લીધા બાદ તેને વળગી/જુદી મુકી સારી/ઉજળી બાજુ પર ધ્યાન કેન્દ્રિત કરવી જોઇએ. આ વિદ્યાયક દૃષ્ટિ નાનપણથી જ કેળવી શકાય.

ઉજળી બાજુ જોયા બાદ જે તે વ્યક્તિને એની ઉજળી બાજુ કહેવી જોઇએ. ચાપલૂસી કે ખુશામત કર્યા સિવાય સ્થિર, સ્વસ્થ અને ધીમા અવાજે ધીરેથી કહેતા આવડવી જોઇએ. ગુણો પર નજર કેન્દ્રિત કરી અવગુણોની અવગણના કરતાં શીખવું જોઇએ. એકવાર આ પ્રકારનો દૃષ્ટિકોણ નાની વયથી દૃઢમૂળ બની જાય તો પછી એ એક સારી ટેવ બની જાય. જ્યારે પણ કોઇ ના ગુણની પ્રશંસા કરીએ ત્યારે તેમાં સચ્ચાઇ હોવી જોઇએ, પ્રામાણિકતા પણ હોવી જોઇએ. પ્રશંસા પણ વિવેકપૂર્ણ રીતે થવી જોઇએ. પ્રશંસા કરતી વખતે અવાજ પર મંદ, મધુર અને કોમળ હોવો જોઇએ. કોમળ હોય તે જરૂરી છે, પણ એ અવાજ સ્ત્રૈણ ન હોવો જોઇએ. સ્ત્રૈણ એટલે તીણો, એ અવાજ કર્કશ પણ ન હોવો જોઇએ!

● યુવાવસ્થામાં મૈત્રી અને એકલતા

કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં યુવક યોગ્ય વ્યક્તિ સાથે મૈત્રી કેવળ, સાથી વિદ્યાર્થીઓ જોડે અભ્યાસની અને અન્ય વિષયોની વાત કરે તે ખૂબ જરૂરી છે. જો યુવક ગુમસુમ બની ખૂણે બેસી રહે, કોઇને ત્યાં આવે જાય નહિં કે કોઇને બોલાવે નહીં તો તેનાં કારણોની તપાસ વાલીએ કરવી ઘટે. યુવાન મળતાવડો થાય, એકલપેટો કે અતડો ન થાય તેની ઝીણવટભરી કાળજી માતા-પિતાએ જ સભાનપણે રાખવી ઘટે. યુવક કે યુવતીમાં જે મોટું હોય તે જવાબદારીપૂર્વક નાના ભાઇ કે બહેનની જરૂર દેખરેખ ને કાળજી રાખે તે પણ શીખવવા જેવો મુદ્દો છે. વાત કરતાં શીખવા માટે સૌથી પહેલાં મહત્ત્વની વાત તો એ છે કે એ પોતાની આસપાસ નાના મોટા સૌની વાત સાંભળતા શીખે. સાંભળવા માટે પૂરતી ધીરજ અને જિજ્ઞાસા હોવી કેળવવી જોઇએ. આસપાસના લોકોમાં કે નાના મોટા ભાઇ બહેનોમાં પણ જિજ્ઞાસા સાથે રસ ધરાવતો યુવક-યુવતી વધારે સ્વસ્થ બની રહે. કોઇનીય વાત. લાંબી કે ટુંકી સાંભળીને તેનો ધીરજ, વિવેકપૂર્વક જવાબ વાળતા યુવક શીખે એ પણ ખૂબ જ જરૂરી છે.

યુવાવસ્થામાં જો એક વાર વિદ્યાયક બાજુ જોવાની ટેવ પડી જાય તો પછી કોઇનાય પ્રત્યે ફરિયાદ કરવાનું મન ન થાય. બાકી, જો દોષદેખો સ્વભાવ થઇ જાય તો દુનિયાભરમાં જ્યાં ને ત્યાં દુર્ગુણો-કાળી બાજુઓ તો હોવાની જ. એ જ જોવાની ટેવ પડી જાય તો પછી એ જીવ ફરિયાદી બની જાય. જ્યાં ને ત્યાં ફરિયાદ કરવાની ટેવ પડે. જેના વિશે ફરિયાદ કરો તેનો ધીમે ધીમે તિરસ્કાર કરતા થઇ જાઓ. આ રીતે પહલાં દોષદર્શન, પછી ફરિયાદ, પછી તિરસ્કાર - છેવટે મન પૂર્વગ્રહદૂષિત થઇ જાય. એક વાર આ ટેવ પડતાં જો પડી ગઇ તો પછી એ ટાળી ન શકાય. બાલ્યાવસ્થામાં મન કોરી સ્લેટ જેવું હોય છે, એના પર જેટલા ઘીચોડિયા યુવાવસ્થામાં ઓછા પડે તેટલું સારું!

● યુવા ચહેરા પર પ્રસન્નતા અને હળવું સ્મિત

કોઇ પણ વયે ચહેરા પરની પ્રસન્નતા અને હળવું સ્મિત એ કોઇ પણ વ્યક્તિનું આભૂષણ છે. વાતે વાતે જયાને ત્યાં હા હા - હી કરતાં રહેવું, આસપાસ બેઠેલા કે કાર્યાલયમાં અન્ય કર્મચારીઓને એમના કામમાં દખલ થાય તેટલા મોટા અવાજે હસવું એ પણ અવિવેકી વર્તન ગણાય છે! આ પ્રસન્નતા કે હળવું સ્મિત પણ અંતઃકરણનાં અજવાળારૂપે જ ચહેરા પર પ્રસરતું રહે તે ઇચ્છાજોગ છે. એમાં સભાનતા હોય તો તે આવકાર્ય છે. પણ પ્રગટ હાસ્ય, ખડખડાટ હસવું ઝાઝું શોભાસ્પદ નથી હોતું! વાતચીતમાં કે ચર્ચામાં, જે વિષય હોય તે પ્રમાણેનું સ્મિત કે હળવું હાસ્ય હોય તો જેટલું નિયંત્રણમાં રહે તેટલું જ સારું, જયારે પણ ખડખડાટ હસવાનો મોકો મળે તો તેય જતો કરવો જરૂરી નથી. શોકગ્રસ્ત કે અતિ ગંભીર થઇ કપાળમાં કરચલી પાડીને આસપાસ જોતાં રહેવું તેય ટાળવા જેવી ટેવ છે. સતત ટીકા ટીપ્પણી ન કરવી, સતત દોષદેખા બની તિરસ્કાર ન કરવો, સતત ફરિયાદ ન કરવી - મનની આવી માવજત જરૂરી છે.

(ક્રમશઃ)

ગમ્મત સાથે ગણિતનું જ્ઞાન આપતું અદ્ભૂત જાદુઇ પુસ્તક

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણી શાળાઓમાં ભણાવવામાં આવતા વિષયોમાં ગણિત એવો વિષય છે જે સૌ કોઇને અઘરો લાગે છે. તેમ છતાં ગણિત દરેકના જીવનમાં ખુબ જ ઉપયોગી અને અનિવાર્ય વિષય ગણાયો છે. વળી આપણે ગુજરાતીઓ તો વેપારી પ્રજા તરીકે ઓળખાઇએ છી. તેથી દરેક બાબતની ગણતરી કરતા હોઇએ છીએ. તો બીજી તરફ ગણિત અને વિજ્ઞાન આ બંને વિષયો એક બીજાના પૂરક છે. વિજ્ઞાનની શોધમાં ગણતરી કરવા માટે ગણિતના વિષયની ખાસ જરૂર પડે છે. વળી ગણિતના અભ્યાસથી તર્કશક્તિ, એકાગ્રતા અને કલ્પના શક્તિનો પણ વિકાસ થાય છે.

ગણિતમાં જેટલું શોધાયું છે તેનાથી વધારે હજુ વણશોધાયેલું રહ્યું છે. ગણિત દ્વારા વિજ્ઞાની શોધોમાં સહયોગ આપી માનવજાતનું કલ્યાણ થઇ શકે છે. આપણા પૂર્વસૂરિ ગણિતજ્ઞોમાં આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, મહાવીરાચાર્ય, ભાસ્કરાચાર્ય, શંકુતલા દેવી તથા શ્રીનિવાસ રામાનુજ જેવા વિદ્વાનો એ ગણિતમાં અપૂર્વ શોધો કરી ભારતનું નામ રોશન કર્યું છે. ત્યારે મારે આજે તમને એક એવા પુસ્તકની વાત કરવી છે જે બાળકોમાં ગણિતના વિષય પ્રત્યેની અરૂચિ અને અણગમો દૂર કરી ગણિતમાં રસરૂચિ લેતાં કરે તેવું છે.

દાદુ સાહેબની જાદુઇ ગણિત કથાઓ પુસ્તકમાંથી પસાર થતાં સાત વિભાગોમાં ગણિતને સમજવા અને સમજાવવાનો ખુબ જ સરસ પ્રયાસ લેખકે કર્યો છે. લેખકે હળવી શૈલીમાં વાતની શરૂઆત કરતાં પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે - દાદુ સાહેબ ગણતિના શિક્ષક હતા. રિયાયર થયા પછી તેમણે 'ગણિત ઘર'ની સ્થાપના કરી. આ ગણિતઘરમાં જે કોઇ બાળકોને ગણિતમાં રસ હોય અને રૂચિ હોય તેવા બાળકો જોડાઇ શકતા હતા. તેમાં કોઇ ફી રાખી નહોતી. દાદુ સાહેબ ટીચર હતા ત્યારે બાળકોની ગણિતના વિષય પ્રત્યે અરૂચિ અને અણગમો જોઇને તેમને દુઃખ થયું, અને તે જ વખતે તેમણે નિશ્ચિત કર્યો હતો કે રિયાટર થઇને બાળકોને ગણિત શીખવીશ.



'ગણિતઘર' શરૂ થયું ત્યારે પહેલા દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા બે હતી. તે પછી એકાદ મહિનામાં આ સંખ્યા વધીને ૬૦ જેટલી થઇ હતી.

'ગણિત ઘર'માં જોડાયેલાં બળકો ગણિતમાં કાંઇક ને કાંઇક નવું નવું સોધી લાવતા હતા. ગણિતમાં નવું જ સંશોધન કરનાર બાળકને દર વર્ષે 'ગણિત એવોર્ડ' પણ અપાતો હતો. તમે પણ દાદુ સાહેબના આ 'ગણિત ઘર'માં જોડાઇને તમારી પ્રતિભા વધારી શકો અને તમારામાં જે પ્રતિભા હોય તે રજૂ કરીને તમારી પ્રતિભાના દર્શન કરાવી શકો. આ માટે આપણે દાદુ સાહેબના 'ગણિત ઘર'માં શું ભણાવવામાં આવે છે તે જાણવું પડે. તો ગણિતનું આ પુસ્તક હાથમાં લો એટલે ગણિતનું જ્ઞાન ગમ્મત સાથે કઇ રીતે મળી શકે તેનો તમને પરિચય થઇ જશે.

**પુસ્તકના વિભાગ-૧માં અંકોના અદ્ભૂત જાદુની વાત છે. જેમાં દસ અંકોનો જાદુ, શુન્યની મહત્તા અને એકડા વગરનાં મીંડાની વાર્તા આવે છે. વિભાગ-૨માં ગણિતનાં ચિન્હોનો પરિચય કરાવ્યા પછી દાદુ સાહેબ ગણિતના ચિન્હોનો ઇતિહાસ, ગણિતના ચિન્હોના શોધકો એ ગણિતના ચિન્હોને અંકો સાથે લખવાની રીત શીખવાડે છે. વિભાગ-૩માં ગણિતની સંખ્યાઓની ગણના સાથે સામાન્ય ઉપયોગમાં વપરાતી સંખ્યાની ઓળખ આપી ભાસ્કરાચાર્ય આપેલી ૧૮ અંકોની ગણતરી અને મહાવરીચાર્યે આપેલી ૨૪ અંકો સુધીની ગણતરી તેમજ પ્રાચીન ઋષિ-મુનિઓ એ આપેલી સંખ્યાન ીગણના તેમજ સૌથી મોટી સંખ્યાની ગણના આપી છે. તે પછીના વિભાગ-૪માં ગણિતની જાદુઇ ગમ્મતો જેમાં જાદુઇ સંખ્યાનો જાદુઇ જવાબ, જાદુઇ સંખ્યામાં છુપાયેલા જન્મ વર્ષ, પવિત્ર નામના અક્ષરોનો જાદુ, રક્ત પહેલાં જવાબ લખવાનો જાદુ, તેમજ અદ્ભૂત રકમ ૯૮૦૧ અને ચમત્કારીક સંખ્યા ૭૧૫૪૬ અને તમારો ક્રમ નંબર બતાવતી જાદુઇ સંખ્યામાં અભ્યાસ સાથે ગમ્મત સાથે જ્ઞાનમાં વૃદ્ધ